જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૮/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૨૭/૧૫**

**હથિયારના ગુનામાં વોન્ટેડ આરોપીને ગેરકાયદેસરની દેશી બનાવટની રીવોલ્વર સાથે પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા સાહેબ નાઓએ શહેરમાં આગામી સ્વતંત્રદિન અનુસંધાને ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા તેમજ કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા સુચના કરેલ. જે સુચના આધારે પોસઇ શ્રી સી.બી.ગામીત નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા નારોલ સર્કલ ખાતે આવતા સાથેના પો.કો. નીશારઅહેમદ ઉસ્માનમીયા તથા પો.કો વિક્રમસિંહ જીલુભા નાઓએ સંયુકત બાતમી હકીકત આધારે વોચ કરતા મોસમ મુન્નાભાઇ રંગરેજ ઉવ.૩૨ ધંધોઃ નોકરી રહે, એમ.એસ. ડુપ્લેક્ષ, નર્સરી મંદિરની પાસે, સફીભાઇના મકાનમાં, શાહઆલમ, ચંડોળા રોડ, દાણીલીમડા, અમદાવાદ શહેર મુળ ગામ:દતીયા, તલૈયા મહોલ્લો, હાથી ખાનાની પાસે, થાના:દતીયા, તા.જી.દતીયા, મધ્યપ્રદેશ નો મળી આવેલ. જેની અંગઝડતી માંથી દેશી બનાવટની રીવોલ્વર કિ.રૂ.2,000/- નો મુદ્દામાલ મળી આવેલ. જેથી સદરહું આરોપીને અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. સદર આરોપી ડી.સી.બી. પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૭૧/૨૦૧૫ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧) બી,એ મુજબના ગુનામાં વોન્ટેડ છે. સદરહું આરોપી આ સિવાય અન્ય કોઇ ગુનામાં સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે તેમજ અગાઉ બીજા કોઇ હથિયારોની હેરાફેરી કરેલ છે કે કેમ? તે બાબતેની આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બે રીઢા ચેન સ્નેચરોને બે સોનાની ચેન તથા ચેન સ્નેચીંગ કરવામાં ઉપયોગ કરેલ મોટર સાયકલ સાથે  પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી કે.એન.પટેલ ક્રાઇમ બ્રાંચ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એસ.એલ.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા તથા પો.સ.ઇન્સ.શ્રી જે.પી.રોજીયા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, આરોપીઓ (૧)  ઇરફાન @ મારવાડી પીરુભાઇ શેખ ઉ.વ.૨૯ રહે.મ.નં.૨૯૭૭,અરબની ચાલી, ચંદન તલાવડી,દરીયાપુર,અમદાવાદ (૨) મહંમદજાવેદ @ શાહરુખ  હુસેનમીંયા શેખ ઉ.વ.૨૩ રહે. મ.નં.૮૨૪/૫,હકીમજીની ચાલી, ડબગરવાડ,દરીયાપુર,અમદાવાદ નાઓને બાતમી હકીકત આધારે સોનાના બે ચેઇનો કી.રૂ.૬૦,૦૦૦/-તથા એક કાળા તથા કેસરી કલરના પટ્ટાવાળુ યામાહા FZ મોટર સાયકલ જેની આગળ પાછળ આર.ટી.ઓ નંબર નથી તે મો.સા. કી.રૂ.૫૦,૦૦૦/- ની સાથે આજરોજ કાલુપુર દરવાજા ચાર રસ્તા ખાતેથી પકડી પાડેલ છે. જે ચેન સ્નેચીંગ અંગે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં તથા મણીનગર પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલ છે.

સદરી આરોપીઓ પૈકી આરોપી ઇરફાન @ મારવાડી અગાઉ સને ૨૦૦૬ માં ઘરફોડ ચોરીના ગુનામાં દરીયાપુર પો.સ્ટે.માં તથા સને ૨૦૦૯ માં ચેન સ્નેચીંગ ના ગુનામાં એલીસબ્રિજ પો.સ્ટે.માં તથા સને ૨૦૧૩ માં ચેન સ્નેચીંગના ગુનામાં નવરંગપુરા પો.સ્ટે.માં પકડાયેલ છે.

આરોપી મહંમદજાવેદ @ શાહરુખ  હુસેનમીંયા શેખ નાનો અગાઉ સને ૨૦૧૩ માં ચેન સ્નેચીંગના કુલ-૨ ગુનામાં ખાડીયા પો.સ્ટે. તથા સને ૨૦૧૪ માં મણીનગર પો.સ્ટે.ખાતે  કુલ- ૩  ચેન સ્નેચીંગના ગુનાઓમાં માં પકડાયેલ છે.

**"સેકટર.૨ સ્કોર્ડ અમદાવાદ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં થયેલ ઘરફોડ ચોરીમાં ગયેલ ૪૦ લાખથી વધુના મુદ્દામાલના ૧૨ થી વધુ ગુનાનો ભેદ ઉકેલી એક મહિલા સહિત ત્રણની ધરપકડ કરી"**

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અ'વાદ શહેર નાઓએ સેકટર.૨ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા માણસોને આપેલ સુચના આધારે ઓઢવ વિસ્તારમાં  પેટ્રોલીંગ દરમ્યાન સ્કોડૅને મળેલ ખાનગી અને ચોકકસ આધારભુત બાતમી હકિકત આધારે ઓઢવ ફાયર સ્ટેશન સામે જાહેર રોડ ઉપરથી (૧) હાકીમસિંગ ઉર્ફે હકીમ કાળીયો ઉર્ફે મનોજ ઉર્ફે અસ્લમ ઉર્ફે વિનોદ ઉર્ફે અશોક સ/ઓ બૈજનાથસિંગ જંગબહાદુરસિંગ કુશ્વાહ ઉવ.૩૪ ધંધો.મજુરી રહે.૧૫, જેવન ટાવર વૈશાલી સીનેમા પાસે, નડીયાદ, જિ.ખેડા મુળવતન ગામ.ગોરનકાપુરા તા.ઓરીયા, થાના.સેશો, જિ.ઇટાવા, ઉત્તરપ્રદેશ (૨) વિરપાલ ઉર્ફે બબલુ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

સ/ઓ શંભુદયાલ રાજારામ સકશેના ઉવ.૩૫ ધંધો.મજુરી રહે.જી વોર્ડ, એમ.જી.સ્કુલની સામે, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ મુળ વતન ગામ.રામપુર, તા.કનોજ, થાના.એરબેકટરા જિ.ઇટાવા, ઉત્તરપ્રદેશ (૩) બિંદુબેન વા/ઓ હાકીમસિંગ ઉર્ફે હકીમ કાળીયો ઉર્ફે મનોજ ઉર્ફે અસ્લમ ઉર્ફે વિનોદ ઉર્ફે અશોક બૈજનાથસિંગ કુશ્વાહ ઉવ.૩૨ ધંધો.ઘરકામ રહે.૧૫, જેવન ટાવર વૈશાલી સીનેમા પાસે, નડીયાદ, જિ.ખેડા મુળ વતન ગામ.બ્યાના, તા.જિ.હિરન્ડોન, મધ્યપ્રદેશ નાઓને શકમંદ મુદ્દામાલ સાથે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી રોકડ નાણાં, સોનાની બગડી નંગ.૪, ચાંદીની ગણપતીજીની મુર્તિ, ચાર મોબાઇલ ફોન, ચોરી કરવાના સાધનો મળી કુલ્લે કિ.રૂ.૧,૪૧,૪૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી, આરોપીઓની સઘન પુછપરછ કરતાં નરોડા વિસ્તારમાંથી ચાર, શહેરકોટડા વિસ્તારમાંથી બે, બાપુનગર વિસ્તારમાંથી બે, મેઘાણીનગર વિસ્તારમાંથી બે, તેમજ ઓઢવ તથા સરદારનગર વિસ્તારમાંથી એક-એક મળી કુલ્લે બારેક ઘરફોડ ચોરી કરી ચોરીમાં મળેલ રોકડ તથા ચોરીમાં મળેલ સોના ચાંદીના દાગીનાનો મુદ્દામાલ અલગ અલગ જગ્યાએ સોનીને ત્યાં વેચી દઇ મળેલ તમામ રોકડ નાણાં હાલ વાપરી નાખેલ હોવાની કબુલાત કરતાં હોય અમદાવાદ શહેરના ૧૨ ગુનાનો ભેદ ઉકેલી ત્રણેય આરોપીઓને ઓઢવ પોસ્ટે સોંપવાની તજવીજ હાથ ધરેલ છે.

પકડાયેલ આરોપી નં (૧) ની પુછપરછ કરતાં સદરી આરોપી દસેક વર્ષથી ચોરીઓ કરે છે તે અલગ અલગ સમયે અલગ અલગ સાગરીતો સાથે અમદાવાદમાં ગમે તે વિસ્તારમાં દિવસ દરમ્યાન રેકી કરી રાત્રીમાં ઘરફોડ ચોરી કરે છે સદરી અગાઉ અમદાવાદના તમામ વિસ્તારોને ટાર્ગેટ બનાવી ચુકેલ છે અને તમામ પોલીસ સ્ટેશનમાં ૫૦ થી વધુ ગુનાઓમાં પકડાયેલ છે તેમજ બે વખત ભુજ તથા ભાવનગર ખાતે સેન્ટ્રલ જેલમાં પાસા કાપી ચુકેલ છે તેમજ બે વખત પોલીસ જાપ્તામાંથી ભાગી ચુકેલ હોય સદરી વિરુધ્ધમાં ઓઢવ તથા રાણીપ પોલીસ સ્ટેશનમાં પોલીસ જાપ્તામાંથી ભાગી ગયા અંગેના ગુના પણ નોંધાયેલ છે તેમજ અગાઉ દેશીદારુ તથા ઇગ્લીંશ દારુની હેરાફેરીના ગુના પણ નોંધાયેલ છે સદરી આરોપીને આજથી એક વર્ષ અગાઉ પોલીસ જાપ્તામાંથી ફરાર હોય સેકટર.૨ સ્કોર્ડ ધ્વારા પકડી પાડવામાં આવેલ હતો ત્યાર બાદ જામીન ઉપર છુટયા બાદ સદરીએ ઉપરોક્ત નં.૨ આરોપી સાથે મળી અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં ૧૨ થી વધુ ઘરફોડ ચોરીના ગુનાઓ આચરી ચુકેલ છે સદરી પોતાની પત્ની આરોપી નં.૩ ને સાથે રાખી ચોરીમા મળેલ સોના ચાંદીના દાગીનાનુ વેચાણ કરતો હોવાની કબુલાત કરે છે.

પકડાયેલ આરોપી નં.૨ અગાઉ લોખંડ ચોરી, કોપર ચોરી તેમજ ઘરફોડ ચોરીના ગુનામાં વટવા, ઓઢવ, ઇસનપુર, મેઘાણીનગર, શહેરકોટડા, નરોડા વિગેરે પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે સદરીએ આજદીન સુધી ૪૦ થી વધુ મિલકત સબંધી ગુનાઓ આચરેલ હોય બે વાર ભુજ અને ભાવનગર ખાતે જેલમાં પાસા કાપી ચુકેલ છે સદરીએ એક વર્ષ અગાઉ પાસા ભોગવી છુટયા બાદ આરોપી નં.૧ સાથે મળી ઉપરોક્ત જગ્યાઓએ ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

પકડાયેલ આરોપી નં.૩ આરોપી નં.૧ ની પત્ની થાય છે અને આરોપી નં.૧ જે કોઇ પણ ચોરીના સોના ચાંદીના દાગીના લઇને આવે તેને સગેવગે કરવાનુ કામ કરે છે સદરીએ આરોપી નં.૧ નાએ જામીન ઉપર છુટયા બાદ છેલ્લા દસેક માસમાં કરેલ તમામ ઘરફોડ ચોરીમાં મળેલ સોના ચાંદીના દાગીના અલગ અલગ વેચટીયા મારફતે વેચી નાખી રોકડનો ભાગ પાડી દઇ વાપરી નાખેલ છે.

આમ સેકટર.૨ સ્કોર્ડ તા.૧૨/૮/૨૦૧૫ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન મળેલ હકિકત આધારે એક મહિલા સાથે ત્રણની કુલ્લે કિ.રૂ.૧,૪૧,૪૨૦/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાં થયેલ આશરે ૪૦ લાખથી વધુના મુદ્દામાલની ઘરફોડ ચોરીના ૧૨ થી વધુ ગુનાનો ભેદ ઉકેલી ત્રણેય વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે, ઉપરોકત આરોપીઓએ આ સિવાય અન્ય કોઇ ગુનાઓ આચરેલ છે કે કેમ તેમજ અન્ય ગુનાઓમાં ગયેલ મુદ્દામાલ કયા સંતાડેલ છે અને કોને વેચેલ છે તેમજ અન્ય કોઇ આરોપી ઉપરોકત ગુનાઓમાં સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં હાલ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)